અપીલ અરજી નં.૧૨૨ તા.૩૧–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ડો. બાબુભાઈ એમ. શાહ
સામાવાળાઃ– (૧)ડે.કમિશ્નર(પઅનેઈ)અનેજાહેરમાહિતીઅધિકારી (મધ્યસ્થ મહેકમ)
(૨)ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર)
(૩)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
(૪) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. બાબુભાઈ એમ. શાહની તા.૮–૬–૦૯ ની અરજીથી સ્પે. સીવીલ એપ્લીકેશન ૨૮૫૪૫/૭ ના કેસમાં રજૂ કરેલા એપીયન્સના જવાબો તેમજ એફીડેવીટની નકલ તથા ૨૮૫૪૫/૮ ના લીધેલ નિર્ણયો, કાઢેલ હુકમની કાનૂની રાહે કરેલ કાર્યવાહીની વિગતો નોંધ વિભાગ સહિતની નકલની ઝેરોક્ષ, તાપીદર્શન–૨ ની ઉત્તરે સ્થળ ઉપર પ્લોટ નં.૧૪ થી ૧૮ બાંધકામ શરૂ કરવામાં આવેલ છે જેમાં માર્જીન છોડેલ ન હોવાથી નોટીસ પાઠવવામાં આવેલ છે, માર્જીનમાં થયેલા બાંધકામ કેમ તોડવામાં આવતાં નથી નોટીસથી કામ પતી ગયું હોય કે શું? તે અંગે સુપરવાઈઝર કે ડે.ઈજનેર કે ઝોનલ ઓફિસરને જાણ કરવામાં આવેલ છે કે નહીં? તેની નકલ અને તે બાબતે શું શું કાર્યવાહી કરી? તેની જાણ કરવી,વિગેરે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** **:**–અરજદાર મજકુરની તા.૩૧–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૨૨/૨૦૦૯–૧૦

શ્રી ડો. બાબુભાઈ એમ. શાહની તા.૮–૬–૦૯ ની અરજીથી સ્પે. સીવીલ એપ્લીકેશન ૨૮૫૪૫/૭ ના કેસમાં રજૂ કરેલા એપીયન્સના જવાબો તેમજ એફીડેવીટની નકલ તથા ૨૮૫૪૫/૮ ના લીધેલ નિર્ણયો, કાઢેલ હુકમની કાનૂની રાહે કરેલ કાર્યવાહીની વિગતો નોંધ વિભાગ સહિતની નકલની ઝેરોક્ષ, તાપીદર્શન–૨ ની ઉત્તરે સ્થળ ઉપર પ્લોટ નં.૧૪ થી ૧૮ બાંધકામ શરૂ કરવામાં આવેલ છે જેમાં માર્જીન છોડેલ ન હોવાથી નોટીસ પાઠવવામાં આવેલ છે, માર્જીનમાં થયેલા બાંધકામ કેમ તોડવામાં આવતાં નથી નોટીસથી કામ પતી ગયું હોય કે શું? તે અંગે સુપરવાઈઝર કે ડે.ઈજનેર કે ઝોનલ ઓફિસરને જાણ કરવામાં આવેલ છે કે નહીં? તેની નકલ અને તે બાબતે શું શું કાર્યવાહી કરી? તેની જાણ કરવી,વિગેરે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૪ , ૬ અને ૮ ના જવાબો સંપૂર્ણ આપવામાં આવ્યા નથી તથા અધૂરા જવાબ આપવામાં આવેલ છે તેવી રજૂઆત કરી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૪૮૫ તા.૬–૮–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અનેજાહેરમાહિતીઅધિકારી (મધ્યસ્થ મહેકમ) ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ) તથા અરજદારને મુદ્દા નં. ૪,૬ અને ૮ સિવાયના મુદ્દા અંગે કઈ બાબતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ વિગતો મળેલ નથી. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૮૭ તા.૧૨–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે જેમાં નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૯૦ તા.૧૦–૬–૦૯ થી કાર્યપાલક ઈજનેર પૂર્વઝોન, ડીનશ્રી સ્મીમેર, હાઉસીંગ ઈજનેર અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યાની નકલ, મુળ અરજી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૮૭ તા.૩૦–૬–૦૯ થી અરજદારને આપેલ માહિતીની નકલ તા.૨૨–૬–૦૯ ના રોજ રૂા.૮૦/– ભરી મેળવેલ દસ્તાવેજની રસીદની નકલ અત્રેના વિભાગને મળેલ છે. તા.૨૭–૮–૦૯ ના રોજ અરજદારે મુદ્દા નં.૧ અને ૨ અન્વયે રસીદ નં.૧૯૧૧૮૫૬ તા.૨૨–૬–૦૯ થી મુદ્દા નં.૧ થી ૨ અન્વયે તમામ દસ્તાવેજના પુરાવાઓ પાના નં.૧ થી ૪૦ મળેલ છે તેથી તે જવાબોની જરૂર નથી તેવી અરજદારે તેની અરજી ઉપર લખેલ વિગતની નકલ મળેલ છે. જયારે ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી તરફથી સ્મીમેર/આ.નં.૧૮૯૫ તા.૧૨–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગત મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી, અરજી ફી ની વિગત તથા અરજદારને નં.સ્મીમેર/હોસ્પિ./૧૫૫૨ તા.૧૩–૭–૦૯ ની આપેલ માહિતીની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતમાં મળેલ છે તથા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી જાવક/જી.એ.ડી/ઈએસટી/૧૪૨૯ તા.૧૩–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ, તબદીલની નકલ, મુળ અરજીની નકલ તથા નં.જીએડી/ ઈએસટી/ ૭૩૨ તા.૧૭–૬–૦૯ થી અરજદારને આપેલ માહિતીની નકલ, રજૂ કરેલ છે. ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી અરજદારને તા.૮–૭–૦૯ ના રોજ પાઠવેલ માહિતી પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૮–૬–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી અનુસાર મુદ્દા નં.૧ સ્પે. સીવીલ એપ્લીકેશન ૨૮૫૪૫/૭ ના કેસમાં રજૂ કરેલા એપીયરસના જવાબો તેમજ એફીડેવીટની નકલ, મુદ્દા નં.૨ ૨૮૫૪૫/૮ ના લીધેલ નિર્ણયો, કાઢેલ હુકમની કાનૂની રાહે કરેલ કાર્યવાહીની વિગતો નોંધ વિભાગ સહિતની નકલની ઝેરોક્ષ, મુદ્દા નં.૩ તાપીદર્શન–૨ ની ઉત્તરે સ્થળ ઉપર પ્લોટ નં.૧૪ થી ૧૮ બાંધકામ શરૂ કરવામાં આવેલ છે જેમાં માર્જીન છોડેલ ન હોવાથી નોટીસ પાઠવવામાં આવેલ છે, માર્જીનમાં થયેલા બાંધકામ કેમ તોડવામાં આવતાં નથી નોટીસથી કામ પતી ગયું હોય કે શું? તે અંગે સુપરવાઈઝર કે ડે.ઈજનેર કે ઝોનલ ઓફિસરને જાણ કરવામાં આવેલ છે કે નહીં? તેની નકલ અને તે બાબતે શું શું કાર્યવાહી કરી? મુદ્દા નં.૪ મ્યુ. સેક્રેટરી તરીકે ઝાલાનો ઠરાવ નં.૨૫૧ તા.૨૫–૯–૮૫ ની નકલ મળી શકતી હોય તો જાહેરાત વખતે આપેલ નકલ પણ હોવી જોઈએ અને તે મળવી જોઈએ. મ્યુ. સેક્રેટરી તરીકે તેમની નિમણુંક વખતે જેની પાસે મહેકમ પાસે ખાતુ હતુ તેની પાસે ફાઈલ હોવી જોઈએ અને ફાઈલ ન હોયને ગુમ થઈ ગયેલ હોય તો તેની જવાબદારી કોની? જો ફાઈલ ગુમ થઈ ગયેલ હોય કે ચોરાઈ ગયેલ હોય તે વખતે ફાઈલ કસ્ટડી કોના કબ્જામાં હતી તો જવાબદાર અધિકારીએ પાલીસ ફરીયાદ કરી છે કે નહી? કે તેના ઉપલા અધિકારીને જાણ કરી છે કે નહી? મુદ્દા નં.૫ એપેલેટ અધિકારીના હુકમનો અમલ જાહેર માહિતી અધિકારી ન કરે તો એ બાબતે આરટીઆઈ કાયદામાં શું જોગવાઈ છે? અને કાયદાકીય જોગવાઈ ઉપરાંત ખાતાકીય રાહે કાર્યવાહી માટે સરકારશ્રીની કોઈ સૂચના કે પરિપત્ર હોય તો તેના ઝેરોક્ષની નકલ આપવા બાબત. મદ્દા નં.૬ સ્મીમેર હોસ્પિટલમાં જયારે બાંધકામ ચાલુ હતું ત્યારે કોણ હાઉસીંગ ઈજનેર હતું? સ્મીમેર માટે સેનીટેશનને લગતો સામાન તથા ફર્નીચર બનાવવા માટે પ્લાય તથા અન્ય વસ્તુઓનું ટેન્ડર મંગાવવામાં આવેલ છે કે નહીં? કે પછી ટેન્ડર મંગાવ્યા વગર માલની ખરીદી કરેલ છે માલ કોની પાસે ખરીદીયો તેનું નામ આપો મુદ્દા નં.૭ સ્મીમેર હોસ્પિટલ માટે ખરીદવામાં આવેલ સાધનો ખરીદવામાં આવેલ છે તે વખતે ડો. દુધવાળાની શું ભુમિકા હતી તેની માહિતી તથા ફકત દુધવાળાએ ભલામણ કરેલ છે અને તેણે સ્ટેન્ડીંગ કમિટિએ મંજુર કરેલ છે તો તે બાબતમાં સ્ટેડીંગ કમિટિ જવાબદાર ખરી કે નહી? જો જવાબદાર હોય તો તેઓ સામે પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે નહી? મુદ્દા નં.૮ આઈ જે. દેસાઈ તથા ડો. સતીષ પટેલે જે રીપોર્ટ આપેલ છે તેના સારાંશની ઝેરોક્ષ કોપી આપવી. સુરત મહાનગરપાલિકા જો કોઈ રેકર્ડ બાળી નાંખે તો તેની યાદી રાખે છે કે નહી? જો ન રાખવામાં આવે અને ફાઈલો ગુમ કરી દેવામાં આવતી હોય તો તેના માટે કોણ જવાબદાર ગણાય. જેની માહિતી અરજદાર તરફથી માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને તા.૩૧–૭–૦૯ ના રોજ મુદ્દા નં.૪,૬ અને ૮ ની માહિતી સંપૂર્ણપણે આપવામાં આવેલ નથી અને અધૂરા આપવામાં આવેલ છે તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ. જે

અંગે અરજદારને સદરહુ મુદ્દા સિવાયના મુદ્દા અંગે કઈ બાબતે નારાજગી તે અંગે સ્પષ્ટ કરવા જણાવલ. પરંતુ તે બાબતે અરજી સાથે કે અપીલ તબકકે અરજદારે કોઈ રજૂઆત કરેલ નથી. મુદ્દા નં.૧ અને ૨ અંગે રસીદ નં.૧૯૧૧૮૫૬ તા.૨૨–૬–૦૯ થી પૈસા ભરી માહિતી રીસીવ કર્યાની તથા ઈ.ઝેડ/આરટીઆઈ/૮૭ તા.૩૦–૬–૦૯ થી મુદ્દા નં.૩ અંગે માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે. મુદ્દા નં.૫ અંગે ડે.કમિશનર(પઅનેઈ) અને નોડલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.આરટીઆઈ સેલ/૨૯૩ તા.૨૩–૬–૦૯ થી રૂા.૨૦/– ભરી માહિતી મેળવવા જણાવેલ. જે અંગે સેન્ટ્રલઝોનમાં રસીદ નં.૪૪૯૩૪૮ તા.૩૦–૬–૦૯ ના રોજ ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. જે અંગે આરટીઆઈ સેલ/૩૦૪ તા.૩૦–૬–૦૯ ના રોજ માહિતી અંગે પત્ર પણ પાઠવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીએ વરાછાઝોન ધ્વારા માહિતી પૂરી પાડેલ છે. જયારે મુદ્દા નં.૭ અંગે ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સ્મીમેર/આ.નં.૧૫૫૨ તા.૧૩–૭–૦૯ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડેલ છે.

અરજદારના મુદ્દા નં.૪ અંગે નં.જીએડી/ઈએસટી/૭૩૨ તા.૧૭–૬–૦૯ થી ડે.કમિશનરઅને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સદર વિભાગને લાગત અરજીની આંશિક માહિતી મ્યુ. સેક્રેટરી તરીકે ઝાલાના ઠરાવ નં.૨૫૧ તા.૨૫–૯–૮૫ ની નકલ સંદર્ભે આરટીઆઈની જોગવાઈ મુજબ રેકર્ડ આધારીત માહિતી પૂરી પાડવામાં આવતી હોય છે જે મુજબ રકેર્ડ ઉપર ઉપલબ્ધ ઠરાવની નકલ આપવામાં આવેલ છે. પરંતુ જાહેરતની નકલ તથા નિમણુંકની ફાઈલ બાબતેની કસ્ટડી, કબ્જા અને પોલીસ ફરીયાદ અને ઉપલા અધિકારીને જાણ અંગેની માહિતી તથા રેકર્ડ બાળી નાંખે તો યાદી રાખે છે કે નહીં? અને ફાઈલ ગુમ કરી દેવાની જવાબદારી વિગેરે માહિતી અંગે આરટીઆઈના અપવાદ હેઠળની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કાર અંગેનું કોઈ કારણ જણાવેલ નથી. જે અંગે ઉપલબ્ધ માહિતી અને ઠરાવની નકલ આપ્યાની બાબત આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અનેર (જે) હેઠળ સુસંગત છે. પરંતુ ફાઈલની કસ્ટડી જવાબદારી અને નાશ અંગે હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ નથી. જયારે મુદ્દા નં.૮ અંગે આઈ જે. પટેલ તથા ડો. સતીષ પટેલે જે રીપોર્ટ આપેલ છે તે અન્વયે સક્ષમ સત્તાએ લીધેલ નિર્ણય અંગે વહીવટી પ્રક્રિયા ચાલુ હોય હાલમાં રીપોર્ટ આપી શકાય તેમ નથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી આવી માહિતી આપી શકાશે જે આરટીઆઈના કાયદાની કલમ–૮(૧) આઈ અધિકારીઓના વિચાર વિર્મશને લગતી નિર્ણયની પ્રક્રિયા પૂર્ણ થયા પછી જાહેર કરવાની બાબત સાથે સુસંગત છે.જયારે મુદ્દા નં.૬ અંગે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.હાઉસીંગ/આ.નં.૨૮૮ તા.૮–૭–૦૯ થી સ્મીમેર હોસ્પિટલમાં જયારે બાંધકામ ચાલું હતું ત્યારે હાઉર્સીગ ઈજનેર તરીકે શ્રી જે કે. શાહ હતાં. સ્મીમેર સાથે સીવીલ કામની સાથે સેનીટેશનની અને ફર્નીચરની કામગીરીના ટેન્ડર મંગાવી ઈજારાદાર પાસેથી કામગીરી કરવામાં આવી હતી. પ્લાય તથા અન્ય વસ્તુઓની સીધી ખરીદી કરવામાં આવેલ નથી આથી આ અંગે દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અન્ય મુદ્દાઓ અંગે કોઈ તકરાર નથી.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી મુદ્દા નં.૪ અંશતઃ સિવાયની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૪ અંશતઃ અંગે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.*કમિશનર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ,***

(૧) ડે.કમિશનર(પઅનેઈ)અનેજાહેરમાહિતીઅધિકારી (મધ્યસ્થ મહેકમ),ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ).... જાણ તથા અમલ માટે.

(૨) શ્રી બાબુભાઈ એમ. શાહ,